ટેલેન્ટપુલ સ્કુલ વાઉચર યોજના અંતર્ગત શાળા પસંદગી માટેના મુલ્યાંકન ફોર્મને મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- **SJED/ACT/e-file/17/2024/0087/G**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૦/૦૮/૨૦૨૪

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૭/૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૧૪/ન.બા-૯૯/ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૭/૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: સશપ/ ૨૦૧૪/**NB**-૧૭૫/અ૧

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૧૮/૦૬/૨૦૨૪નો ઠરાવ ક્રમાંકઃ **SJED/ACT/e-file/17/2024/0087/G**

(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા:૨/૮૨૦૨૪નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૯/૨૦૨૪-૨૫/૨૫૦૯

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) અને (૨) પરના આ વિભાગના ઠરાવોથી અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ અને વિકસતી જાતિ ક્લ્યાણ પ્રભાગ દ્વારા અનુક્રમે અનુસૂચિત જાતિ તેમજ વિચરતી અને વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાના આવાસિય વિદ્યાલયમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ મળે તે માટે ટેલેન્ટ પુલનું નિર્માણ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક : (૩) પરના ઠરાવથી આ વિભાગની નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ તેમજ વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની ટેલેન્ટપુલ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓ અને શાળા પસંદગીના ધોરણો નક્કી કરવા માટે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ ક્લ્યાણના અધ્યક્ષસ્થાને સમિતિની રચના કરવામાં આવેલ છે. ઉક્ત સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ વંચાણે લીધેલ ક્રમાંક : (૪) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ ક્લ્યાણ દ્વારા આ વિભાગ હસ્તકની ટેલેન્ટપુલ સ્કૂલ વાઉચર યોજના હેઠળ અનુસૂચિત જાતિ અને વિચરતી વિમુક્ત જાતિના ધોરણ-૫ અને ધોરણ-૧૦ માં પાસ થનાર વિદ્યાર્થીઓ માટે ટેલેન્ટ પુલ નિર્માણ યોજના અંતર્ગત સંસ્થાઓ પસંદ કરવા માટે સંસ્થા પસંદગી અંગે શાળા પસંદગી માટેના ફોર્મ, ધારાધોરણો

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 20-Aug-2024 (03:29 PM)

તેમજ શૈક્ષણિક કામગીરીના આધારે મુલ્યાંકન માટેના ફોર્મની મંજૂરી માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, આ વિભાગની નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ તેમજ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની ટેલેન્ટપુલ યોજના અંતર્ગત સંસ્થાઓ પસંદ કરવા શાળા પસંદગી માટેના ફોર્મ, ધારાધોરણો તેમજ શૈક્ષણિક કામગીરીના આધારે મુલ્યાંકન માટેના ફોર્મને આથી મંજૂરી આપવામાં આવે છે. શાળા પસંદગી માટેના ફોર્મનો નમૂનો આ સાથે સામેલ રાખવામાં આવેલ છે.

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રી(સા.ન્યા)ની તા.૦૮/૦૮/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 20-Aug-2024 (03:29 PM)

( સંતોષ વસાવા )
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.અ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સેકશન અધિકારીશ્રી(અ-૧) શાખા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઈલ- ૨૦૨૪

**<u>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની અનુસૂચિત જાતિ / વિચરતી અને વિમુક્ત જાતિ માટેની ટેલેન્ટ પુલ યોજના અંતર્ગત શાળા પસંદગી માટેનું ફોર્મ</u>**

| 1. સંસ્થાની માહિતી | | | | |
|---|---|---|---|---|
| | | | વિગત | Remarks (if any) |
| 1 | a) સંસ્થાનું નામ | | | |
| | b) સંસ્થાનું સરનામું | | | |
| 2 | શાળાનું નામ | | | |
| 3 | શાળાનો પ્રકાર -<br>સરકારી □ ગ્રાન્ટ ઇન એઇડ □ ખાનગી □ | | | |
| 4 | મુખ્ય વ્યક્તિનું નામ<br>હોદ્દો | | | |
| | મોબાઈલ નં. | | | |
| | સરનામું | તાલુકો | | |
| | | ગામ / શહેર બોડી | | |
| | | નજીકનું પોલીસ સ્ટેશન | | |
| | | જીલ્લો | | |
| | | પીનકોડ | | |
| | | ફોન નંબર | | |
| | | ઇમેલ | | |
| | | વેબસાઈટ | | |
| 5 | જીલ્લા મથકથી અંતર | | | |

<table>
<tr><th colspan="5">2. કાયદાકીય દરજ્જો</th></tr>
<tr><td>૧</td><td>સંસ્થાની નોંધણી<br>સોસાયટી રજીસ્ટ્રેશન/ ટ્રસ્ટ/ કંપની એક્ટ હેઠળ નોંધણી</td><td colspan="2">નોંધણી નંબર<br>તારીખ</td><td></td></tr>
<tr><td>૨</td><td>શાળાની નોંધણી</td><td colspan="2">નંબર અને તારીખ</td><td></td></tr>
<tr><td rowspan="6">૩</td><td rowspan="6">સરકારશ્રીએ / કમિટી દ્વારા નક્કી કરાયેલ શિક્ષણ તથા અન્ય ફી વિગત</td><td colspan="2">ધોરણ</td><td>ફી ની રકમ</td></tr>
<tr><td colspan="2">ધોરણ ૧ થી ૮</td><td></td></tr>
<tr><td colspan="2">ધોરણ ૯ થી ૧૦</td><td></td></tr>
<tr><td rowspan="3">ધોરણ ૧૧ થી ૧૨</td><td>આર્ટસ</td><td></td></tr>
<tr><td>કોમર્સ</td><td></td></tr>
<tr><td>સાયન્સ</td><td></td></tr>
<tr><td rowspan="2">૪</td><td rowspan="2">વિદ્યાર્થીની સંખ્યા</td><td colspan="2">શાળામાં</td><td>તે પૈકી છાત્રાલયમાં</td></tr>
<tr><td colspan="2">કુમાર / કન્યા</td><td>કુમાર / કન્યા</td></tr>
<tr><td></td><td>ધોરણ ૧ થી ૫</td><td colspan="2"></td><td></td></tr>
<tr><td></td><td>ધોરણ ૬ થી ૮</td><td colspan="2"></td><td></td></tr>
<tr><td></td><td>ધોરણ ૯ થી ૧૦</td><td colspan="2"></td><td></td></tr>
<tr><td></td><td>ધોરણ ૧૧ થી ૧૨ આર્ટસ</td><td colspan="2"></td><td></td></tr>
<tr><td></td><td>ધોરણ ૧૧ થી ૧૨ કોમર્સ</td><td colspan="2"></td><td></td></tr>
<tr><td></td><td>ધોરણ ૧૧ થી ૧૨ સાયન્સ</td><td colspan="2"></td><td></td></tr>
<tr><td></td><td>કુલ</td><td colspan="2"></td><td></td></tr>
</table>

## 3. શૈક્ષણિક કામગીરી

| ક્રમ | વિગત | માપદંડ/ટકાવારી | | | | | ગુણ શ્રેણી |
|---|---|---|---|---|---|---|---|
| 1 | સંસ્થાનું ધોરણ-૧૦ ના ૫ વર્ષના પરિણામ | ૨૦૨૦ | ૨૦૨૧ | ૨૦૨૨ | ૨૦૨૩ | ૨૦૨૪ | 5-25 |
| | વાર્ષિક ટકાવારી: | | | | | | |
| | ૮૦% થી વધુ વિદ્યાર્થીની સંખ્યા | | | | | | |
| 2 | સંસ્થાનું ધોરણ-૧૨ આર્ટસ ના ૫ વર્ષના પરિણામ | ૨૦૨૦ | ૨૦૨૧ | ૨૦૨૨ | ૨૦૨૩ | ૨૦૨૪ | 5-25 |
| | વાર્ષિક ટકાવારી: | | | | | | |
| | ૮૦% થી વધુ વિદ્યાર્થીની સંખ્યા | | | | | | |
| 3 | સંસ્થાનું ધોરણ-૧૨ સાયન્સ ના ૫ વર્ષના પરિણામ | ૨૦૨૦ | ૨૦૨૧ | ૨૦૨૨ | ૨૦૨૩ | ૨૦૨૪ | 5-25 |
| | વાર્ષિક ટકાવારી: | | | | | | |
| | ૮૦% થી વધુ વિદ્યાર્થીની સંખ્યા | | | | | | |
| 4 | સંસ્થાનું ધોરણ-૧૨ કોમર્સ ના ૫ વર્ષના પરિણામ | ૨૦૨૦ | ૨૦૨૧ | ૨૦૨૨ | ૨૦૨૩ | ૨૦૨૪ | 5-25 |
| | વાર્ષિક ટકાવારી: | | | | | | |
| | ૮૦% થી વધુ વિદ્યાર્થીની સંખ્યા | | | | | | |
| 5 | વિદ્યાર્થી – શિક્ષકોનો રેશિયો | વર્ગ પ્રમાણે | | | | | 1-5 |
| 6 | શિક્ષકોની સંખ્યા | વિષય વાર લાયકાત સાથે | | | | | 1-5 |
| 7 | શિષ્યવૃત્તિ માહિતી | શિષ્યવૃત્તિ મેળવતાં વિદ્યાર્થીઓની સંખ્યા,<br>અન્ય વધારાની શિષ્યવૃત્તિ આપતા હોય તેવા શિષ્યવૃત્તિ યોજનાના નામ અને વિદ્યાર્થીની સંખ્યા | | | | | 1-10 |
| | | | | | | કુલ ટોટલ | 120 |

| 4. માળખાગત સુવિધા | | | | | ગુણ શ્રેણી |
|---|---|---|---|---|---|
| 8 | શાળાનું મેદાન | મેદાનની પરિમિતિ (ક્ષેત્રફળ) | | | 1-10 |
| 9 | રમતગમતની પ્રવૃત્તિ | રમત ગમતના સાધનોની સગવડ | | | 1-5 |
| | | રમતગમત શિક્ષકની સુવિધા | | | 1-2 |
| | | રાજ્યકક્ષાએ કેટલા વિધાર્થીઓએ ભાગ લીધો | | | 1-10 |
| | | જિલ્લાકક્ષાએ કેટલા વિધાર્થીઓએ ભાગ લીધો | | | 1-5 |
| | | તાલુકાકક્ષાએ કેટલા વિધાર્થીઓએ ભાગ લીધો | | | 1-3 |
| 10 | મેડિકલ રૂમની સુવિધા | ફર્સ્ટ એઇડ બોક્ષ તેમજ અન્ય સુવિધાઓ | | | 1-3 |
| 11 | મેડિકલ કેમ્પ | આયોજિત કેમ્પની વાર્ષિક સંખ્યા | | | 1-5 |
| 12 | ક્લાસરુમ ની સંખ્યા | | | | 1-20 |
| 13 | કમ્પ્યૂટર લેબ તેમજ અન્ય લેબ | કમ્પ્યૂટરની સંખ્યા | | | 1-20 |
| | | ઇન્ટરનેટની સુવિધા | | | 1-5 |
| | | પ્રયોગશાળાના સાધનો | | | 1-10 |
| 14 | પુસ્તકાલય | અંદાજિત પુસ્તકોની સંખ્યા | | | 1-5 |
| 15 | CCTV | CCTV ની સંખ્યા | | | 1-20 |
| 16 | ફાયરસેફ્ટીની સુવિધા (શાળાના બિલ્ડીંગમાં ૨૧ મીટરથી વધુ ઉચાઇ ધરાવતા બિલ્ડીગનું ફાયર NOC છે.) | ફાયર એક્સટીનગ્યુશેરની સંખ્યા | | | 1-10 |
| 17 | બાયોમેટ્રિક હાજરી | બાયોમેટ્રિક મશીનની સંખ્યા | | | 1-10 |
| 18 | સુરક્ષિત પીવાના પાણી ની શી વ્યવસ્થા આપવામાં આવે છે | ટાંકીસંખ્યા, અંડર ગ્રાઉંડ ટાંકીની સંખ્યા, કેટલાં લિટરની ટાંકી છે | | | 1-2 |
| 19 | શાળાની વાલી મિટિંગની વિગત | વાર્ષિક વાલી મિટિંગની સંખ્યા | | | 1-10 |
| | | | | કુલ ટોટલ | 155 |

| 5. છાત્રાલયની વિગતો | | | ગુણ શ્રેણી |
|---|---|---|---|
| 20 | છાત્રાલયની ક્ષમતા | વોર્ડનની સંખ્યા<br>છાત્રાલયમાં વિદ્યાર્થીની સંખ્યા | 1-20 |
| 21 | રૂમ ની સુવિધા | વિદ્યાર્થીઓ પ્રમાણે રૂમની સંખ્યા | 1-20 |
| 22 | ભોજનાલય | ટેબલની સુવિધા તેમજ ક્ષેત્રફળ | 1-10 |
| 23 | ફાયરસેફ્ટીની સુવિધા (છાત્રાલયના બિલ્ડીંગમાં ૨૧ મીટરથી વધુ ઉચાઇ ધરાવતા બિલ્ડીગનું ફાયર NOC છે.) | ફાયર એક્સટીનગ્યુશેરની સંખ્યા | 1-10 |
| 24 | CCTV | સંખ્યા | 1-10 |
| 25 | છાત્રો માટે વ્યક્તિગત રીતે પૂરી પાડી શકાય તેટલી માત્રામાં કેટલાં પલંગ છે? | પલંગની સંખ્યા | 1-10 |
| 26 | વિદ્યાર્થીઓ માટે છાત્રાલય કે શાળામાં ફરિયાદ નિવારણ તંત્રની માહિતી. | મહિતી ની વિગત / ફરિયાદ નિવારણની વિગત | 1-10 |
| 27 | નિયત દિનચર્યાને અનુસરવામાં આવે છે તેની વિગતનું પત્રક | દિનચર્યાનું ટાઇમટેબલ | 1-5 |
| 28 | છાત્રો સાથે પરામર્શ કરીને ભોજનનું આયોજનનું અઠવાડિક ભોજનમેનું નું પત્રક | અઠવાડિક ભોજન આયોજન પત્રક | 1-5 |
| 29 | છાત્રાલયનાં વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે યોગ્ય ચાદર અને પથારીની ચીજવસ્તુઓ આપવામાં આવે છે ? | સંખ્યા | 1-5 |
| 30 | બાળકોને મળતી પથારીની ચીજવસ્તુઓનો ફરી ઉપયોગ કરતા પહેલા કેટલાં સમયે કઈ રીતે સ્વચ્છતા કરવામાં આવે છે તેની વિગત | પથારીની સ્વચ્છતાની વિગત | 1-5 |
| 31 | વિદ્યાર્થીઓને ચેપ અને રોગ થતા અટકાવવા માટે તેમના રૂમને કેટલાં દિવસે સ્વચ્છ અને જંતુમુક્ત કરવામાં આવે છે? | દિવસોની સંખ્યા | 1-5 |
| 32 | વિદ્યાર્થીઓને પુરતી સુરક્ષિત અને પોતાનો અંગત સામાન સંગ્રહવા માટેની સુવિધાની વિગત | સુવિધા રજુ કરવી | 1-5 |
| 33 | ગૃહના પરિસરને સ્વચ્છતા અને જાળવણી માટે પુરતા પ્રમાણમાં પાણીની શું વ્યવસ્થા છે તેની વિગત. | સુવિધા રજુ કરવી | 1-5 |
| 34 | કેમ્પસની સ્વચ્છતા કઈ રીતે જાળવવામાં આવે છે તેની વિગત | સુવિધા રજુ કરવી | 1-10 |
| 35 | સુચના બોક્સ / સુચન બોક્ષનુ પાલન | સંખ્યા | 1-10 |
| 36 | બાળકોની સમિતિ | સમિતિ ના નામ તેમજ સંખ્યા | 1-10 |
| | | કુલ ટોટલ | 155 |

| 6. અન્ય વિગતો | | | ગુણ શ્રેણી |
|---|---|---|---|
| 37 | કો- કર્ક્યુલર પ્રવૃત્તિ | | 1-5 |
| 38 | ખાસ દિવસોની ઉજવણી | | 1-5 |
| 39 | વૃક્ષારોપણ | કેટલાં વૃક્ષો વાવ્યાંની સંખ્યા/ કેટલા ઉછેર્યા | 1-10 |
| 40 | ઓનલાઇન અને સોશિયલ મિડીયા | ઓનલાઇન ગુગલ રિવ્યુ | 1-5 |
| | | કેટલાં કાર્યક્રમોનું ડિઝીટલ પ્રસારણ કર્યુ | 1-5 |
| 41 | વ્યક્તિત્વ વિકાસ | ક્લાસના આયોજનની સંખ્યાઓ | 1-5 |
| 42 | ખ્યાતનામ ભુતપુર્વ વિદ્યાર્થીઓ | નામ અને વિગત | 1-30 |
| 43 | અન્ય કોઇ ખાસ સિધ્ધિ | | 1-5 |
| | | કુલ ટોટલ | 70 |
| | | એંકદરે કુલ | 500 |

નોંધ – વિગતો રજૂ કરતા તમામ દસ્તાવેજો બિડાણમાં જોડવા.

સ્થળ :- મુખ્ય સંચાલકશ્રીનું નામ અને સહી

તારીખ:- સિક્કો

6 પાત્રતા અંગેની શરતો

(૧) શાળામાં ધો.૬ થી ધો.૧૨ સુધીના શિક્ષણની સુવિધા હોવી જોઇએ શાળામાં સામાન્ય પ્રવાહ, વાણિજય પ્રવાહ અને વિજ્ઞાનપ્રવાહની સુવિધાઓ હોવી જોઇએ.

(૨) શાળા C.B.S.C. કે સ્ટેટ બોર્ડનું છેલ્લા પાંચ વર્ષથી જોડાણ ધરાવતી હોવી જોઇએ.

(૩) શાળાનું છેલ્લા પાંચ વર્ષનું ધોરણ-૧૦(S.S.C.) ધોરણ-૧૨ (H.S.C.) નું વાર્ષિક પરિણામ ૯૦ ટકા જેટલુ હોવુ જોઇએ.

(૪) શાળા છાત્રાલય (હોસ્ટેલ)ની સુવિધા ધરાવતી હોવી જોઇએ અને આ યોજના હેઠળના વિધાર્થીઓને છાત્રાલય (હોસ્ટેલ)માં ફરજીયાત પ્રવેશ આપવાનો રહેશે.

(૫) આર.ટી.ઇ.ના એકટ પ્રમાણે વર્ગખંડો, વિધાર્થીઓ, શિક્ષકો તથા ભૌતિક સુવિધા જેમ કે,સંડાસ/બાથરૂમ રેશિયા મુજબ હોવા જોઇએ. તથા તે પ્રમાણેની સુવિધા હોવા બાબતેનું જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૬) શાળા પુરતી સંખ્યામાં તજજ્ઞ શિક્ષકો ધરાવતી હોવી જોઇએ તેમ જ પૂર્ણ વિકસિત શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ ધરાવતી હોવી જોઇએ. શૈક્ષણિક સ્ટાફ ઇતર પ્રવૃત્તિમાં ભાગ લઇ શકે તેવો હોવો જોઇએ.

(૭) આ યોજના હેઠળ પસંદ થયેલ શાળા/સંસ્થાઓને વિધાર્થીદીઠ વાર્ષિક રૂ. ૪૦,૦૦૦/- મુજબ મળવાપાત્ર રકમ ૬ માસિક બે હપ્તામાં ચુકવવામાં આવશે

(૮) ધો.૫ અને ધો.૧૦ માં પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં પાસ થનાર વિચરતી-વિમુકત જાતિ/અનુસૂચિત જાતિના વિધાર્થીઓને મેરીટના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

(૯) અનુસૂચિત જાતિ/વિચરતી અને વિમુકત જાતિના બાળકોને વિશેષ ખાનગી ટયુશન બેંચની વ્યવસ્થા શાળાએ કરવાની રહેશે.

(૧૦) અનુસૂચિત જાતિ/વિચરતી અને વિમુકત જાતિના બાળકોને વાંચન અને લેખન સ્કીલની વિશેષ સુવિધા તથા વિધાર્થીઓના ઇતર વાંચન માટે લાયબ્રેરીની સગવડ પણ શાળાએ પ્રદાન કરવાની રહેશે.

(૧૧) અનુસૂચિત જાતિ/વિચરતી અને વિમુકત જાતિના બાળકો પ્રથમ વર્ષે પ્રવેશ મેળવે ત્યારે તેઓનું શાળાના વાતાવરણમાં યોગ્ય સમાયોજન થાય તે ઘણું જરૂરી હોઇ શાળા શરૂ થવાના ૧૦ દિવસ પૂર્વ અને શાળા શરૂ થયાના ૧૦ દિવસ પછી એમ કૂલ-૨૦ દિવસ વિશેષ પ્રકારનું એડજેસ્ટમેન્ટ-કમ- કાઉન્સલીંગ સેશન પેકેજ શાળાએ પુરૂ પાડવાનું રહેશે.

(૧૨) આ યોજના હેઠળ પસંદ થનાર શાળાઓએ નિયામકશ્રી, વિકસતી જાતિ, કલ્યાણ/નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ સાથે કરાર કરવાનો રહેશે.

(૧૩) શાળાને કેટલા વર્ષ માટે આ યોજના હેઠળ પસંદ કરવી તેનો સમયગાળો ટેલેન્ટ પૂલ શાળા પસંદગી સમિતિ દ્વારા નક્કી કરવામાં આવશે.

## 7 જીલ્લા અધિકારીશ્રી એ સ્થળ મુલાકાત નિરીક્ષણની વિગતો :

| | | |
|---|---|---|
| ૧. આ સંસ્થા/શાળાનું રજીસ્ટ્રેશન | નંબર અને તારીખ | |
| ૨. આ સંસ્થા/શાળા નિવાસની સુવિધાવાળી ઉત્તમ ગુણવત્તાવાળી ની વિગત | નિવાસની સુવિધા | |
| ૩. બાળકોને પુરતી ભૌતિક સુવિધાઓ મળી શકે તેવી હોસ્ટેલની સુવિધા ની વિગત | ભૌતિક સુવિધાઓ | |
| ૪. આ સંસ્થા/શાળામાં કયાં ધોરણથી અભ્યાસ ચલાવવામાં આવે છે? તથા<br>શાળા/સંસ્થા ગુજરાતી માધ્યમની કે અંગ્રેજી માધ્યમની વિગતો | ધોરણ<br>માધ્યમનો પ્રકાર | |
| ૫. સંસ્થા/શાળાનું છેલ્લા પાંચ વર્ષનું ધો.-૧૦ તથા ધો.-૧૨ નું પરિણામ કેવું છે<br>તેની વિગતો. | પરિણામ | |
| ૬. બાળકોને વિશેષ પ્રાઇવેટ ટ્યુશન બેચની કેવી વ્યવસ્થા છે તેની વિગતો | બેચની વ્યવસ્થા | |
| ૭. બાળકોના ઈતર વાંચન માટે લાઈબ્રેરીની સગવડ કેવી છે તેની વિગતો? | લાઇબ્રેરીની સગવડો | |
| ૮. બાળકોને વાંચન અને લેખન કુશળતાની વિશેષ સુવિધા શી છે તેની વિગતો? | વાંચન અને લેખનની સુવિધા | |
| ૯. સંસ્થા/ શાળા એ અરજી ફોર્મમાં દર્શાવેલ તમામ વિગતોની ચકાસણી.<br>યોગ્ય છે કે નહિ તેનો અભિપ્રાય | | |
| ૧૦. જિલ્લા અધિકારીશ્રીનો સ્પષ્ટ અભિપ્રાય | | |

સ્થળ :- જીલ્લા નાયબ નિયામક /જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી

તારીખ:- અનુસૂચિત જાતિ / વિકસતી જાતિ ..................................

# ટેલેન્ટ પુલ યોજના

**વિચરતી અને વિમુક્ત જાતિના ધોરણ-૬ / ધોરણ-૧૧ માં વિદ્યાર્થીને ઉત્તમ કક્ષાની આવાસીય વિદ્યાલયમાં પ્રવેશ મેળવવાનું અરજીપત્રક :**

**પ્રતિ,**

**જિલ્લા નાયબ નિયામકશ્રી /સમાજ કલ્યાણ અધિકારીશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, જિ......................................**

| | | |
|---|---|---|
| ૧ | વિદ્યાર્થીનું પુરૂ નામ<br>(અટક પહેલા લખવી) | |
| ૨ | પિતા/વાલીનું પુરૂ નામ | |
| ૩ | જાતિ/ પેટા જાતિ | |
| ૪ | પિતા/વાલીનો વ્યવસાય | |
| ૫ | પિતા/વાલીની વાર્ષિક આવક વર્ષઃ.............<br>(આવકનો દાખલો સક્ષમ સત્તાધિધિકારીશ્રીનો રજુ કરવો) | |
| ૬ | હાલનું સરનામુ | |
| ૭ | ટેલિફોન/ મોબાઇલ નંબર/E-mail | |
| ૮ | કાયમી સરનામુ | |
| ૯ | ધોરણ-૬ / ધોરણ-૧૧ના પ્રવેશ માટેની શાળાનું નામ અને સરનામુ | |
| ૧૦ | ધોરણ-૫ અથવા ધોરણ-૧૦ની પરીક્ષાનું પરીણામ (મેળવેલ ગુણના ટકા જ ધ્યાને લેવામાં આવશે. પર્સન્ટાઇલ રેન્ક ધ્યાને લેવામાં આવશે નહીં.) | |

**<u>અરજીપત્રક સાથે રજુ કરવાના પુરાવાઓ:-</u>**

(૧) સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ જાતિ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.

(૨) અરજી સાથે રહેઠાણનો પુરાવો સામેલ કરવાનો રહેશે.

(૩) સક્ષમ અધિકારીશ્રીએ આપેલ પિતા/ વાલીની વાર્ષિક આવકનું માન્ય પ્રમાણપત્ર.

(૪) ધોરણ-૫ / ધોરણ-૧૦ ની માર્કશીટની પ્રમાણિત નકલ જોડવી.

(૫) શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ

નોંધ : (૧) વિદ્યાર્થીની માર્કશીટના આધારે મેળવેલ ગુણના ટકાને જ ધ્યાને લેવામાં આવશે.

(૨) અધુરી વિગતો દર્શાવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં.

**વાલીની સહી** **વિદ્યાર્થીની સહી**

## ટેલેન્ટ પુલ યોજના

**અનુસૂચિત જાતિના ધોરણ-૬ / ધોરણ-૧૧માં વિદ્યાર્થીને ઉત્તમ કક્ષાની આવાસીય વિદ્યાલયમાં પ્રવેશ મેળવવાનું અરજીપત્રક :**

**પ્રતિ,**

**જિલ્લા નાયબ નિયામકશ્રી , અનુસૂચિત જાતિ કલ્યાણ, જિ.......................................**

| | | |
|---|---|---|
| ૧ | વિદ્યાર્થીનું પુરૂ નામ<br>(અટક પહેલા લખવી) | |
| ૨ | પિતા/વાલીનું પુરૂ નામ | |
| ૩ | જાતિ/ પેટા જાતિ | |
| ૪ | પિતા/વાલીનો વ્યવસાય | |
| ૫ | પિતા/વાલીની વાર્ષિક આવક વર્ષઃ.............<br>(આવકનો દાખલો સક્ષમ સત્તાધિધિકારીશ્રીનો રજુ કરવો) | |
| ૬ | હાલનું સરનામુ | |
| ૭ | ટેલિફોન/ મોબાઇલ નંબર/E-mail | |
| ૮ | કાયમી સરનામુ | |
| ૯ | ધોરણ-૬ / ધોરણ-૧૧ના પ્રવેશ માટેની શાળાનું નામ અને સરનામુ | |
| ૧૦ | ધોરણ-૫ અથવા ધોરણ-૧૦ની પરીક્ષાનું પરીણામ (મેળવેલ ગુણના ટકા જ ધ્યાને લેવામાં આવશે. પર્સન્ટાઇલ રેન્ક ધ્યાને લેવામાં આવશે નહીં.) | |

**<u>અરજીપત્રક સાથે રજુ કરવાના પુરાવાઓઃ-</u>**

(૧) સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ જાતિ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.

(૨) અરજી સાથે રહેઠાણનો પુરાવો સામેલ કરવાનો રહેશે.

(૩) સક્ષમ અધિકારીશ્રીએ આપેલ પિતા/ વાલીની વાર્ષિક આવકનું માન્ય પ્રમાણપત્ર.

(૪) ધોરણ-૫ / ધોરણ-૧૦ ની માર્કશીટની પ્રમાણિત નકલ જોડવી.

(૫) શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ

નોંધ : (૧) વિદ્યાર્થીની માર્કશીટના આધારે મેળવેલ ગુણના ટકાને જ ધ્યાને લેવામાં આવશે.

(૨) અધુરી વિગતો દર્શાવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં.

**વાલીની સહી** **વિદ્યાર્થીની સહી**